## ગાંધીનગરમાં નવરાત્રી પાંચમું નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના પાંચમાં નોરતે ગાયક કલાકાર દીપ્તિ દેસાઈ અને અમિત ઠક્કરના મધુરકંઠે ગરબાના સુર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સેક્ટર-૨૨, ગબ્બર ચોક ખાતે ઝનકાર ગ્રુપના મયુર ઠાકોરના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સે. ૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે ગણપતિ કલાવૃંદના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સે. ૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે ૮.૩૦ કલાકે રાજદીપ અને વનિતા બારોટના મધુર કંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સે. ૩-ન્યુ દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે રમઝટ મ્યુઝીક ગૃપના નિલેષ બારોટના મધુર કંઠે ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સે. ૩-સી શક્તિ ચોક ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે રોક સ્ટાર મ્યુઝિકલ પાર્ટીના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સેક્ટર-૫ ના નવરાત્રી ચોક ખાતે કૃણાલ ઓરકેસ્ટ્રાના સુનીલ સોલંકી અને કૃણાલ સોલંકીના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતી થશે.
- શક્તિ મંડળ દ્વારા સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન અરૂણાબેન મકવાણાના યજમાનપદે અંબાજી મંદિર સેક્ટર-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

# વાદલડી વરસી રે... તોય ગરબા ના અટક્યા !



ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે યોજાયા વરસાદી ગરબા.....

# નવરાત્રીમાં વરસાદના વિઘ્ન વચ્ચે શેરી ગરબા યોજાયા

ગાંધીનગર, તા.૪ નવલી નવરાત્રીનો પ્રારંભ થઈ ચુકયો છે. સતત ત્રણ નોરતામાં વરસાદ વરસતા શેરી ગરબાના આયોજકો તેમજ વસાહતીઓમાં ચિંતામાં ગરકાવ થયા છે. ત્યારે નવરાત્રીને પગલે ખૈલેયાઓમાં અનેરો ઉત્સાહ અને માહોલ જોવા મળ્યો છે. નવલી નવરાતમાં ગરબે ઘુમવા થનગનતા યુવાવર્ગ માટે વરસાદ સતત અડચણરુપ બની રહ્યો છે. ત્યારે ગાંધીનગરના સેકટરો તેમજ શેરી ગરબામાં વરસાદની રિમઝીમ વચ્ચે પણ ખૈલેયાઓ ગરબે ઘુમ્યા હતા.જયારે કેટલાક સ્થળોએ તો મહિલાઓ અને યુવાનો છત્રી સાથે ગરબે ઘુમતા નજરે પડયા હતા. જયારે વરસાદ ધીમો પડતા જ કેટલાક શેરી ગરબા સંચાલકોએ ગરબાનો પ્રારંભ કરી દીધો હતો ગરબામાં ઢોલ ઢબુકતા જ ગરબાપ્રેમીઓ ઉંઘમાંથી સફાળા જાગીને ગરબે ઘુમવા માટે તૈયાર થઈને આવી ગયા હતા.



નવલી નવરાતમાં ગરબે ઘુમવા યુવાવર્ગે મહિના અગાઉથી તૈયારીઓ કરી હતી. ગરબે ઘુમવાની રાહ જોવાતી હતી તે ઘડી આવતા યુવાવર્ગ હિલોળે ચડ્યો હતો. ત્યારે જાણે નવરાત્રીમાં વરસાદ વિલન બનતા ગરબાપ્રેમીઓમાં નારાજગી પ્રવર્તી છે. છેલ્લા ત્રણ દિવસથી ગરબાના સમયે જ વરસાદ વરસતા ના છુટકે ખાનગી આયોજકો તેમજ શેરી ગરબા સંચાલકોને ગરબા બંધ રાખવાની ફરજ પડે છે. ત્યારે શહેરમાં કેટલીક સોસાયટી તેમજ એપાર્મેન્ટમાં પાર્કીંગમાં આયોજીત ગરબામાં વરસાદ નહી પડતા ગરબા યોજાય છે. જયારે શહેરની કેટલીક સોસાયટી તેમજ સેકટરોમાં વરસતા ગરબાપ્રેમીઓ છત્રી સાથે તેમજ વરસાદમાં ભીંજવાની



મજા સાથે મોડીસાંજ સુધી ગરબે ઘુમતા જોવા મળ્યા હતા.વરસાદને અનુલક્ષી સાઉન્ડ સિસ્ટમ તેમજ લાઈટ ડેકોરેશનને નુકશાન કે વરસાદમાં સલામતીનું ધ્યાન રાખીને સોસાયટીના રહીશો વરસાદમાં પણ ગરબે ઘુમવાની મજા માણી લે છે. નવલી નવરાતમાં ગરબાના સમયે જ વરસાદ પડતા ગરબા રસિકોમાં નારાજગી જોવા મળી રહી છે.

## હવે શહેરના શૈક્ષણિક સંકુલોમાં નવરાત્રીના આયોજનનો ટ્રેન્ડ વધ્યો

શહેરમાં આદ્યશકિત મા જગદંબાની આરાધનાનો ઉત્સવ નવરાત્રી ખૂબ હર્ષોલ્લાસથી ઉજવાઈ રહ્યો છે. તમામ સેકટરોમાં પરંપરાગત શેરી ગરબાના આયોજનો ઉપરાંત શહેરી ગામોમાં પણ ગરબી સાથે નવરાત્રી ઉજવાઈ રહી છે. આ ઉપરાંત શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પણ ગરબા મહોત્સવના આયોજનો હાથ ધરાયા છે. આ સાથે હવે શહેરની શાળાઓમાં પણ નવરાત્રી ઉત્સવ ઉજવવા એકાદ દિવસના રાસ ગરબાના આયોજનો હાથ ધરવાનો ટ્રેન્ડ વેગ પકડી રહ્યો છે.

શાળાઓમાં વર્ષ દરમિયાન વિવિધ રાષ્ટ્રીય તહેવારો તથા ધાર્મિક તહેવારો ઉજવાતા હોય છે. આ તહેવારોની ઉજવણીના કારણે બાળકો આપણી સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસા અંગે માહિતગાર થાય છે તથા તેમનામાં સામાજિક તથા રાષ્ટ્રીય સંસ્કારોનું સિંચન થાય છે. અત્યાર સુધી શાળાઓમાં પતંગ ઉત્સવ, હોળી, જન્માષ્ટમી અને રક્ષાબંધન જેવા ધાર્મિક કે સામાજિક તહેવારો ઉજવાતા હતા પરંતુ હવે તેમાં નવરાત્રીનો પણ ઉમેરો થયેલો જોવા મળી રહ્યો છે.



નવરાત્રીની આમ તો પહેલા કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ જ ઉજવણી થતી હતી પરંતુ હવે શાળા સંકુલોમાં પણ તેનું આયોજન થવા માંડયું છે.

ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ, સ્કૂલ ઓફ એચિવર જેવી શાળાઓ નવરાત્રીના રાસ ગરબાનું આયોજન કરતી થઈ ગઈ છે. કેટલીક શાળાઓ પોતાના શાળા સંકુલમાં જ નવરાત્રીનું આયોજન કરે છે. જયારે કટલીક શાળાઓ શહેરમાં આયોજિત ખાનગી સંસ્થાઓના ગરબા ગ્રાઉન્ડનો પણ ઉપયોગ કરી રહી છે. તાજેતરમાં જ સ્કૂલ ઓફ એચિવર દ્વારા શહેરના ખ્યાતનામ કલ્ચરલ ફોરમના સે-૬ના ગરબા ગ્રાઉન્ડ ખાતે સાંજે ૫ થી ૮ વાગ્યા દરમિયાન પોતાના વિદ્યાર્થીઓ માટે રાસ ગરબાનું આયોજન કર્યું હતું. આવા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે તેમના વાલીઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ આમંત્રણ પાઠવવામાં આવતા જોવાયા છે. નવરાત્રીએ અબાલવૃધ્ધ સૌ કોઈનો પ્રિય તહેવાર હોવાથી પ્રકારના આયોજનો શાળાના બાળકોને ખૂબ જ આનંદિત કરે છે.



## ઈન્ફોસીટી સ્કૂલમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરાઈ

આદ્યશકિતની આરાધનાના પર્વ નવરાત્રીમાં ભકિત અને આસ્થાનો અનેરો સંગમ જોવા મળે છે. ઈન્ફોસીટી શાળામાં નવલા નોરતાના જગતજનનીની આરાધના સ્વરૂપે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગરબા અને રાસ-દાંડીયાની રમઝટ જામી હતી. શાળાના અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના ધો-૬ થી ૧૦ તેમજ વિજ્ઞાનપ્રવાહના ધો-૧૧ના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રિન્સીપાલ, સુપરવાઈઝર, મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર, પ્રમુખ વૈષ્ણવ સર તેમજ અન્ય ટ્રસ્ટીશ્રીઓ 'મા અંબામાના ગરબા રમ્યા' હતા. શાળાના ભુલકાઓ ટ્રેડીશનલ ડ્રેસ અને અવનવી સ્ટાઈલ સાથે ગરબા રમતા જોવા મળતા હતા.